**<u>ક્રિમીનલ કેસ નં –૧૨૪/ ૨૦૧૬</u>**

**<u>–:: આંક :: ૧ :: નીચે હુકમ ::–</u>**

આજરોજ સદર કામ બોર્ડ ઉપર આવતા સદર કામ ખાનગી ફરિયાદ હોઈ, ફરિયાદી નો તથા ફરિયાદીના વિ. વ. શ્રીનો વિધિગતનો પોકાર પડાવતા તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ નહિ,

સદર કામ ખાનગી ફરિયાદ હોઈ, તેમજ વિશેશ કાયદાની જોગવાઇ હેઠળની હોઈ, ફરિયાદ પક્ષે પોતે કે તેમના વિ. વ. શ્રી મારફતે અત્રે અદાલતમાં હાજર રહી પોતે દાખલ કરેલ ફરિયાદની યોગ્ય કાર્યવાહિ બાબતે સચેત રહેવુ જોઈએ તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

***<u>“ Vigilantibus Non Dormientibus Jura Subveniunt ”</u>***

**Equity comes to the aid of the vigilant and not the slumbering. (The Law helps those person, who is vigilant about his right, not who indolent.)**

***<u>“ Ignorantia Legis Juris Neminem Ex-cusat ”</u>***

**Ignorance of law is not excuse.**

આમ, સદર કામ વિગતે વિચારણા કરવામાં આવે તો, સદર કામ ખાનગી ફરિયાદ છે, જેમાં આજરોજ ફરિયાદી તેમજ તેમના વિ.વ.શ્રી. અદાલત સમક્ષ હાજર રહેલ નથી. વધુમાં સદર કામનુ રેકોર્ડ ધ્યાને લેતા પ્રદર્શીત થાય છે કે, છેલ્લી ઘણી મુદતોથી ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ નથી . વધુમાં રોજકામ ધ્યાને લેતા છેલ્લા ઘણા સમયથી ફરિયાદીને અત્રેની અદાલતમાં સદર ફરિયાદની આગળની કાર્યવાહિ બાબતે હાજર રહેવા જણાવેલ હોવા છતાં ફરિયાદી અત્રેની અદાલત સમક્ષ પોતે કે વિ.વ.શ્રી. મારફતે હાજર રહેલ નથી. જેથી સદર કામના ફરિયાદી સદર કામ વિગતે અત્રેની અદાલતમાં પોતે કે વિ.વ.શ્રી દ્વારા હાજર રહેલ ન હોઈ, તેમની ગેરહાજરી ધ્યાને લઈ, સી.આર.પી.સી. કલમ ૨૫૬ અન્વયે સદર ખાનગી ફરિયાદ બાબતે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

સદર ખાનગી ફરિયાદ આથી સી.આર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઇ અન્વયે ફરિયાદીની ગેરહાજરી ધ્યાને લઈ, સદર ખાનગી ફરિયાદની સુનવણી, ફરિયાદ રેકર્ડ વંચાણે લઈ, કોઇ બીજા દિવસ ઉપર મુલત્વી રાખવાનુ યોગ્ય લાગતુ ન હોઈ, ન્યાયના વિશાળ હિતમાં સદર ફરિયાદ ફેસલ ફરમાવવામાં આવે છે,

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૨/૦૬/૨૦૨૪

છોટાઉદેપુર

(અમીષ પ્રફુલચંદ્ર જોષી)

એડીશનલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.

છોટાઉદેપુર

**Judge Code:- GJ01446**